


# બુકમાર્ક

આ ટ્યુટોરીયલમાં તમે એક સુંદર બુકમાર્ક કેવી રીતે બનાવવું તે શીખશો.




તમામ પુસ્તકપ્રેમીઓ અને પુસ્તકપ્રેમી તથા રચનાત્મક ઉત્સાહીઓના મિત્રો, આ પ્રોજેક્ટ તમને કેટલાક મહત્વપૂર્ણ પોઈન્ટ્સ અર્જિત કરવામાં મદદ કરશે. તે એકદમ સરળ અને આનંદપ્રદ છે. આ ટ્યુટોરિયલમાં તમે એક સુંદર બુકમાર્ક કેવી રીતે બનાવવું તે શીખશો. જો તમે સિલાઈની જેટલો જ વાંચનમાં આનંદ અનુભવો છો, તો પછી એ તો સોનામાં સુગંધ ભળવા જેવું છે...!

આ બુકમાર્ક બનાવવા માટે તમારે જરૂર પડશે - એક 8 x 1.5 ઈંચનો ફેલ્ટનો ટુકડો, તમારી પસંદનો એક નાનો રંગીન પેચ, થોડી પિન, દોરી, માર્કર, એક માપન સ્કેલ અને પિન્કિન્ગ શિયર્સ.

ઝીગ ઝેગ ધાર મેળવવા માટે તમારી પિન્કિન્ગ શિયર્સ વડે ફેલ્ટની ધારને ટ્રિમ કરી લો, તે એક સુંદર ડિઝાઈન તત્વ ઉમેરશે અને ફેબ્રિકને ફાટી જતા અટકાવશે.

ફેબ્રિકની મધ્યમાં એક લીટી દોરો. ફેબ્રિકની ટોચ પર એક ફ્લાવર પેચ મુકો અને તેને સુરક્ષિત કરવા પિન કરો. સમય છે સ્ટિચિંગ કરવાનો.

તમારા મશીનને સેટ કરો - પેટર્ન સિલેક્ટરને C પર ફેરવો અને સ્ટીચ લેન્થ સિલેક્ટરને એસએસ મોડ પર ફેરવો, અહીં.



તમે પેચ સુધી પહોંચો ત્યાં સુધી, માર્ક કરેલી લીટી પર સીવી લો. ડિઝાઈન આકર્ષક લાગે તે માટે દોરીના વિવિધ રંગોનો ઉપયોગ કરો.

સિલાઈ પેટર્ન બદલવા માટે સોય ઉઠાવી લો - સ્ટીચ પેટર્ન સિલેક્ટરને A પર ફેરવો, અને સ્ટીચ લેન્થ સિલેક્ટરને એસએસ મોડમાં રહેવા દો.

તમે જ્યાંથી સીવવાનું છોડ્યું હતું ત્યાંથી સીવવાનું ચાલુ કરો. પિન દૂર કરો અને પેચના કેન્દ્ર સુધી સિલાઈ કરો. સોય ઉઠાવી લો અને બંને બાજુએ વધારાના દોરાને ટ્રીમ કરો.

અને શાબાશ! તમારું બુકમાર્ક તૈયાર છે!




આ બુકમાર્ક માટે આપણે એક ફ્લાવર પેચ પસંદ કર્યા હતા, પરંતુ તમે તમારી પોતાની પસંદના પેચ લઈ શકો છો અથવા તેને બનાવી લો - જેમ કે ઉદાહરણ તરીકે અલગ રીતે રાખેલું એક મોટું અને એક નાનું ચોરસ. અથવા તે તમારી કલ્પનાના કોઈ વર્કને પણ દર્શાવી શકે, અથવા તમારી વિચારશક્તિ દર્શાવતું કોઈ અર્થપૂર્ણ પેચ પણ હોઈ શકે... બસ બધું જ ચાલી શકે.